# જન્મદિને વધામણી



**ઈન્દ્રવદન સી પંડ્યા**
રાજ્યપાલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડી
મો. ૯૯૨૪૧ ૧૫૨૫૪



**અર્જુનસિંહ પ્રતાપસિંહ વાઘેલા**
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા સંચાલક મંડળ
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧




**નરેશ આર શાહ**
ટ્રસ્ટી, પ્રેરણા વિદ્યાલય
મો. ૯૮૨૫૨ ૯૮૮૨૮

## પુસ્તકપ્રાપ્તિ

જાન્યુઆરી, ૨૦૧૮ દરમિયાન ગાંધીનગર સમાચારને નીચે મુજબનાં પુસ્તકો પ્રાપ્ત થયાં છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.


**પંચમસૂર**
કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ દ્વારા લિખિત લખુ લેખોનો સંગ્રહ




**ભક્તિધારા**
કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ દ્વારા લિખિત ભક્તિ ગીતોનો સંગ્રહ.




**હેઈ ! 'ણ' કોઈનો નંઈ !!**
કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ દ્વારા લિખિત બાળકાવ્યોનો સંગ્રહ.




જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ૩૪મો સર્વ નેતૃત્વ તાલીમ શિબિર યોજાયો





ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પાંચ દિવસીય ૩૪મો સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર સર્વ વિદ્યાલય, કડી ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં સર્વ વિદ્યાલયની ૧૫ કૉલેજોના ૬૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પાંચ દિવસીય કેમ્પમાં ટ્રેનર તરીકે દિપકભાઈ તેરૈયા અને ઉમાબેન તેરૈયાએ ઉપસ્થિત રહી વિવિધ પ્રવૃત્તિઓ, ગેમ્સ, શૉર્ટ ફિલ્મ્સ, ગૃપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલિ દ્વારા નેતૃત્ત્વનાં તમામ પાસાઓને સાંકળી લેતા વિષયોની તાલીમ આપી હતી. તેમણે તાલીમાર્થીઓને આત્મનિરીક્ષણ કરી સ્વમૂલ્યાંકન દ્વારા પોતાની શક્તિઓને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવ્યું હતું. જીવનમાં માબાપનું મહત્ત્વ અને યોગદાન વાત કરી, સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તેના નિરાકરણ માટે માર્ગદર્શન આપ્યું હતું.

વસુધૈવ કુટુમ્બકમ્‌નો ભાવ જગાડવા કોમવાદ, જ્ઞાતિવાદથી ઉપર ઊઠી માનવ બનવા તેમણે વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું અને જીવનમાં સફળ થવા માટે પોતાના પવિત્ર હૃદયને સાંભળી પુરુષાર્થ દ્વારા આગળ વધવાની શીખ આપી હતી. તાલીમ દરમિયાન અતિથિ વ્યાખ્યાતા તરીકે નિષ્ઠાબેન ઠાકર અને જાણીતા મોટીવેશનલ ટ્રેનર અને યોગાચાર્ય જે સી પટેલે ઉપસ્થિત રહી પોતાના જીવન સંઘર્ષની સાથે સાથે શિક્ષણ, સ્વાસ્થ્ય, સંસ્કાર અને દેશપ્રેમની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. ડૉ. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનને સ્વચ્છ તથા સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને, મહિલાઓને આત્મસન્માનથી વ્યક્તિવિકાસ દ્વારા ગૌરવભેર જીવી શકે તે માટેની પ્રવૃત્તિઓ કરતા ચુવાળ ગ્રામ વિકાસ ટ્રસ્ટ, બહુચરાજીની મુલાકાત કરાવવામાં આવી હતી.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારોહમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને ડૉ. મણિભાઈ પટેલે ઉપસ્થિત રહી સંસ્થાની વિસ્તૃત માહિતી આપી વિદ્યાર્થીઓનો પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના સંયોજક ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક હિતેશ પ્રજાપતિ અને દીંકનબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પૂર્વ તાલીમાર્થી સુરજ મુંજાણી, નિમેશ પટેલ અને કૌશિક કલાલ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

# એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં સ્કીટ વીથ ડાન્સની સ્પર્ધાનું આયોજન થયું



એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં અલગ આલગ હાઉસ પ્રમાણે રામાયણ પર આધારિત વિષયો પર સ્કીટ વીથ ડાન્સની સ્પર્ધાનું આયોજન થયું. આ સ્પર્ધામાં રેડ હાઉસે અયોધ્યા કાંડ, ગ્રીન હાઉસે કિષ્કિન્ધા કાંડ, બ્લ્યુ હાઉસે અરણ્ય કાંડ, યલ્લો હાઉસે બાલકાંડ, ઓરેંજ હાઉસે લંકા કાંડ એમ અલગ અલગ વિષય પરસ્કીટ વીથ ડાન્સ રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં ગ્રીન હાઉસનો પ્રથમ નંબર આવ્યો હતો. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# જીઆઈપીએસના વિદ્યાર્થીઓએ અમદાવાદ ખાતે ગ્રાન્ડ એજ્યુકેશન ફેરની મુલાકાત લીધી



## કારકિર્દી ઘડતર માટેની વિવિધ તકો તેમજ ગુજરાતની ૫ ટોપ લેવલની યુનિવર્સિટીની માહિતી વિદ્યાર્થીઓએ મેળવી

ગાંધીનગર, તા. ૭

સોમવારના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ ગુજરાત સરકાર દ્વારા આયોજિત ગ્રાન્ડ એજ્યુકેશન ફેર, અમદાવાદની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે કારકિર્દી ઘડતર માટેની વિવિધ તકો તેમજ ગુજરાતની ૫ ટોપ લેવલની યુનિવર્સિટીની માહિતી મેળવી હતી. વિદેશમાં અભ્યાસ કરવા માટેની પર્યાપ્ત અને ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. દરેક ફેકલ્ટીના એચ.ઓ.ડી. દ્વારા યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ માર્ગદર્શન, માહિતી અને સમજ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સોનેરી કારકિર્દીના ઘડતરમાં અતિઉપયોગી બની રહેશે તેવું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. આમ, ગ્રાન્ડ એજ્યુકેશ ફેરની આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે ખૂબજ મહત્વની બની રહી હતી.

# ઈન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચનો પ્રથમ પદવીદાન



ગાંધીનગર, તા. ૭

ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ, ગાંધીનગરના સ્નાતક અને માસ્ટર ઓફ સાયન્સના વિધાર્થીઓનો પ્રથમ પદવીદાન સમારંભ રાજયપાલ ઓ. પી. કોહલીની ઉપસ્થિતમાં શૈક્ષણિક સંકુલ, કોબા ખાતે યોજાયો હતો. આ પદવીદાન સમારંભમાં ૯૦ વિધાર્થીઓને પદવી અને બે વિધાર્થીઓને ગોલ્ડ મેડલ રાજયપાલશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે, વિશ્વમાં અવિકસિત, વિકાસશીલ અને વિકસિત એમ ત્રણ પ્રકારના દેશો છે. આપણા દેશનો સમાવેશ વિકાસશીલ દેશમાં થાય છે. જેને વિકસિત દેશની હરોળમાં લઈ જવાની જવાબદારી આપ જેવા યુવાનોના ખભે છે. દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત દેશનો દરેક નવયુવાન ન્યુ ઈન્ડિયા બનાવવા ઈચ્છી રહ્યો છે, તેવું કહી રાજયપાલશ્રીએ સર્વે નવયુવાનોને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું 'હિંદ સ્વરાજ' અને મેરે સ્વપ્નોં કા ભારત' પુસ્તક વાંચવા માટે જણાવ્યું હતું.

શિક્ષણનો ઉપયોગ વ્યક્તિગત જીવન સાથે સાથે સમાજ માટે પણ કરવો ખૂબ જરૂરી છે, તેવું કહી રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ મેળવી નોકરી-ધંધા માટે લાગવું તે શિક્ષણનો ઉપયોગ માત્ર પોતાના માટે જ કર્યો છે. પરંતુ જો આપ આપના જ્ઞાનનો ઉપયોગ કરીને સારા વ્યવસાય થકી કોઈને રોજગારી આપી શકો તેવા સક્ષમ બનશો તો આપ સમાજને કેવી રીતે ઉપયોગી થઈ શકશો તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. આજનો યુગ સ્પર્ધાત્મક છે, હવે, સ્પર્ધા માત્ર દેશ પૂરતી રહી નથી.. પણ આ યુગમાં સ્પર્ધા વિશ્વ કક્ષાએ બની છે, તેવું કહી રાજયપાલશ્રીએ શિક્ષણનો ઉપયોગ વિવેક પૂર્વક કરવા સર્વે વિધાર્થીઓને અપીલ કરી હતી. પદવી મેળવનાર વિધાર્થીઓને રાજયપાલશ્રીએ અભિનંદન આપીને તેમના સુવર્ણ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર પ્રોફેસર શ્રી ગુના માગશને મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, યુનિવર્સીટીમાં અનેક ક્ષેત્રોમાં પી.એચ.ડી, માસ્ટર્સ અને અન્ડર ગ્રેજ્યુએટના કાર્યો ચાલી રહ્યા છે. વિદેશી પોસ્ટર ડોક્ટરલ અનુભવ ધરાવે છે, જેઓના સંશોધનો પ્રખ્યાત પીયર રીવ્યુ કરાવેલા છે. તેમજ હાઈ-ઈમ્પેક્ટ જર્નલ્સમાં પ્રકાશિત થાય છે. તેઓને અનેક પરિષદોમાં મુખ્ય વકતા તરીકે આમંત્રિત કરવામાં આવે છે. અમારી પાસે પસંદગી આધારિત ક્રેડિટ સિસ્ટમ છે. જેથી વિધાર્થીઓ વિજ્ઞાન, એન્જીનિયરિંગ, વ્યવસાય અને હ્યુમેનિટીઝમાં રસ ધરાવતા તેમના વિષયોને આગળ વધારવા વિશાળ શ્રેણીના વિષયોને આગળ વધારવા વિશાળ શ્રેણીના વિષયોને મિક્સ એન્ડ મેચ કરવાનો વિકલ્પ પણ અપનાવી શકે છે. પ્રથમ પદવીદાન સમારંભને એસ.કે.ડી એગ્રીકલ્ચરલ યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી ડૉ. આર.સી. મહેશ્વરીએ ખુલ્લો મુક્યો હતો.

આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજયના પૂનાના નેશનલ સેન્ટર ફોર સેલ સાયન્સના ડાયરેકટર શ્રી ડૉ. જ્ઞાનચંદ્ર મિશ્રા, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રીચર્સના ડીન ડૉ. ચંદ્રમણિ પાઠક સહિત વિધાર્થીઓ, વાલીઓ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રીચર્સનો સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# લલિતકલા એકેડેમી દ્વારા દુલ્હન શૃંગાર સ્પર્ધા

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર એન લલિતકલા એકેડેમી સંચાલિત બ્યુટી પાર્લર વર્ગમાં દુલ્હન શૃંગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ૧૫ જેટલી દુલ્હનો તૈયાર કરવામાં આવી હતી. અલગ-અલગ પ્રાંતમાંથી આવેલી ૧૫ બહેનો દ્વારા આ દુલ્હનો તૈયાર કરવામાં આવી હતી.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે માનસી મીનુ (બિહાર), દ્વિતિય ક્રમે સ્વાતિ બંજાંડે (મધ્યપ્રદેશ) અને તૃતિય ક્રમે દુર્ગા કંવર (રાજસ્થાન) વિજેતા બન્યાં હતાં.

આ પ્રસંગે અતિથિ તરીકે ડૉ. વીણાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. નિર્ણાયક તરીકે રક્ષિતાબેન ઉપાધ્યાય અને અર્પિતાબેન મહારાજાએ પોતાની સેવાઓ આપી હતી. પારૂલબેન ઉપાધ્યાય



દ્વારા બ્યુટી પાર્લરની તાલીમ આપી બહેનોને સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવ્યાં હતાં. દિનાબેન ડોડિયાના માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો અને કાર્યક્રમનું સંચાલન વર્ષાબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.